# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-08-2024 Midday : 1.20 to 1.30
Day : Firday National News

### આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ભારતમાં ઇયુ દેશોની વસ્તી જેટલા લોકોને બેન્કિંગ સિસ્ટમથી જોડવામાં આવ્યા છે અને વિશ્વનું અડધું ડિજિટલ પેમન્ટ ભારતમાં થાય છે.
- ચક્રવાત અસાન આજે કચ્છ પરથી પસાર થશેઃ નારાયણ સરોવર, કોટેશ્વર, નખત્રાણા, માંડવી સહિત સમગ્ર કચ્છનાં કિનારે ભારે પવન ફૂંકાયો
- પાકિસ્તાને ઈસ્લામાબાદમાં યોજાનારી શાંઘાઈ સહયોગ સંગઠન – SCOની બેઠકમાં ભાગ લેવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઔપચારિક આમંત્રણ આપ્યું
- ભારત અને ચીને સરહદી વિસ્તારોમાં જમીન પર સુલેહ-શાંતિ જાળવી રાખવાનો નિર્ણય લીધો છે.
- પેરિસ પેરાઓલિમ્પિક ગેમ્સમાં ભારતના ખેલાડીઓ આજે શૂટિંગ, ડિસ્ક થ્રો, શોટ પુટમાં સ્પર્ધા કરશે

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM – MAHARASTRAVISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રમાં મુંબઇ અને પાલઘરની મુલાકાતે છે. મુંબઇના જીઓ વિશ્વ સંમેલન કેન્દ્રમાં શ્રી મોદીએ ગ્લોબલ ફિનટેક ફેસ્ટમાં

જણાવ્યું કે ભારતમાં ઇયુ દેશોની વસ્તી જેટલા લોકોને બેન્કિંગ સિસ્ટમથી જોડવામાં આવ્યા છે અને વિશ્વનું અડધું ડિજિટલ પેમન્ટ ભારતમાં થાય છે.

ભારતની ફિનટેક ઇકો સિસ્ટમથી લોકોનું જીવન ધોરણ સરળ બનશે. એક દાયકામાં ભારતમાં બ્રોડબેન્ડ યુઝરની સંખ્યા 94 કરોડ પર પહોંચી છે. ડિજિટલ ટેકનોલોજીથી ભારતમાં પારદર્શિતા આવી છે. તેમણે કહ્યું કે, હવે ગણતરીની મિનિટોમાં ડિમેટ એકાઉન્ટ ખુલી જાય છે. તેમણે સાઇબર ગુનાઓ રોકવા માટે પગલાં લેવાની જરૂર પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રી આજે બપોરે 76 હજાર કરોડ રૂપિયાનાં અંદાજિત ખર્ચે વાઢવણ બંદરનું ખાતમૂહુર્ત કરશે. આ બંદર ભારતનું સૌથી મોટું ડીપ વોટર પોર્ટ હશે અને તે આંતરરાષ્ટ્રીય શિપિંગ રૂટ ને સીધો સંપર્ક પૂરો પાડશે, જેને કારણે સમય અને ખર્ચમાં ઘટાડો થશે.

આ અગાઉ, પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે, પાલઘરનો વાઢવણ બંદર અત્યંત વિશેષ પ્રોજેક્ટ છે, જે ભારતનાં વિકાસમાં પ્રદાન કરશે. સોશિયલ મિડિયા પોસ્ટમાં વાઢવણ બંદરનાં મહત્વ પર ભાર મૂકતા શ્રી મોદીએ જણાવ્યું કે, આજે ભારતનાં સૌથી મોટા ડીપ-વોટર પોર્ટનાં પ્રારંભથી પ્રગતિનાં પાવરહાઉસ તરીકે મહારાષ્ટ્રની અગ્ર ભૂમિકા વધુ મજબૂત બનાવશે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી એક હજાર 560 કરોડ રૂપિયાના ખર્ચના મત્સ્યોદ્યોગ ક્ષેત્રના 218 પ્રોજેક્ટોનું ભૂમિપુજન અને લોકાર્પણ કરશે. આ પ્રોજેક્ટો દ્વારા રોજગારની અંદાજે 5 લાખથી વધુ તકોનું નિર્માણ થવાની સંભાવના છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 360 કરોડ રૂપિયાના ખર્ચના જહાજ સંદેશા વ્યવહાર અને તેમને મદદરૂપ થનારી વ્યવસ્થાનો શુભારંભ કરાવશે.

## WEATHER.RTF

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અરબી સમુદ્રમાં 'અસના' નામનું ચક્રવાત બનવા જઈ રહ્યું છે, જે 1976 પછી આ પ્રકારનું પ્રથમ ચક્રવાત હશે. આ

ચક્રવાત ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં ઉદભવશે. હવાનું તીવ્ર દબાણ ગુજરાતમાં પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધ્યું છે અને હવે તે ચક્રવાતમાં પરિવર્તિત થવાની ધારણા છે.

કચ્છના દરિયાકાંઠેથી આગળ વધ્યા બાદ તે ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં પાકિસ્તાન તરફ ફંટાવાની શક્યતા છે. કચ્છ જિલ્લામાં ભારે વરસાદ બાદ શુક્રવારે વરસાદે વિરામ લીધો છે, પણ વાવાઝોડાનું જોખમ છે. ચક્રવાત 'અસના કચ્છ તરફ આગળ વધતી વખતે જિલ્લાના માંડવી, અબડાસા અને લખપત તાલુકાઓમાં તબાહી મચાવી શકે તેવી શકયતાના કારણે જિલ્લા કલેકટરે આ ત્રણેય તાલુકાઓમાં માટીના મકાનો અને ઝૂંપડાઓમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવા અને નજીકના પાકો મકાનો અથવા ધાર્મિક સ્થળોએ આશ્રય લેવા અપીલ કરી છે. કચ્છમાં સંભવિત વાવાઝોડાને ધ્યાનમાં રાખીને મુંદ્રા, કંડલા અને જખૌ બંદરો પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવ્યા છે. આ તાલુકામાં ભારે વરસાદ અને પવનને કારણે મોબાઈલ નેટવર્ક ખરાબ રીતે પ્રભાવિત થયું છે.

## MODI-PAKISTAN-SCO.RTF

પાકિસ્તાને આગામી ઓક્ટોબર માસમાં ઈસ્લામાબાદમાં યોજાનારી શાંઘાઈ સહયોગ સંગઠન – SCOની બેઠકમાં ભાગ લેવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઔપચારિક આમંત્રણ આપ્યું છે.

મીડિયા સાથે વાતકરતાં પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ ઝાહરા બલોચે જણાવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત સંગઠનના તમામ સભ્ય દેશોની સરકારોના વડાઓને આગામી 15 અને 16 ઓકટોબરે મળનારીબેઠક માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે SCOના નવ સભ્ય દેશોમાં ભારત, ઈરાન, કઝાકસ્તાન, ચીન, કિર્ગિઝ ગણ રાજ્ય, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનનો સમાવેશ થાય છે.

# INDIA-CHINA

ભારત અને ચીને સરહદી વિસ્તારોમાં જમીન પર સુલેહ-શાંતિ જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. બંને દેશોએ પુનરોચ્ચાર કર્યો છે કે દ્વિપક્ષીય સંબંધો સામાન્ય બનાવવા માટે શાંતિની પુનઃસ્થાપના માટે અને વાસ્તવિક નિયંત્રણ રેખા - LACનું સન્માન એ આવશ્યક આધાર છે. ભારત-ચીન બોર્ડર અફેર્સ (WMCC) પર મસલત અને સંકલન માટે કાર્યકારી વ્યવસ્થા તંત્રની 31મી બેઠક ગઈકાલે બેઇજિંગમાં યોજાઈ હતી.

વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા) ગૌરાંગ લાલદાસે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું. ચીની પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ચીનના વિદેશ મંત્રાલયના સરહદ અને સમુદ્ર બાબતોના વિભાગના મહાનિર્દેશક હોંગલિયાંગે કર્યું હતું. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, મતભેદોને ઘટાડવા અનેબાકી રહેલા મુદ્દાઓનો વહેલો ઉકેલ શોધવા માટે સ્પષ્ટ, રચનાત્મક અને દૂરદર્શી વિચારોનું પણ આદાન-પ્રદાન કર્યું. બંને દેશો રાજદ્વારી અને સૈન્ય માધ્યમો દ્વારા ગાઢ સંપર્ક જાળવવા સંમત થયા હતા. ભારતીય પ્રતિનિધિમંડળના નેતાએ ચીનના વિદેશ મંત્રાલયના ઉપમંત્રી સાથે પણ મુલાકાત કરી.

# **MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# JHARKHAND NEW MINISTER

ઝારખંડમાં, ઘાટશિલાથી ઝારખંડ મુક્તિ મોરચાના ધારાસભ્ય રામદાસ સોરેનને હેમંત સોરેનની કેબિનેટમાં ચંપાઈ સોરેનની જગ્યાએ મંત્રી બનાવવામાં આવ્યા છે.

રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે રાજભવન, રાંચીમાં આયોજિત એક સાદા સમારંભમાં રામદાસ સોરેનને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી હેમંત સોરેન અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# WAQF MEETING

વક્ફ (સુધારા) બિલ, 2024 પરની સંયુક્ત સમિતિ આજે નવીદિલ્હીમાં વિવિધ હિતધારકોના મંતવ્યો અને સૂચનો મેળવવા માટે બેઠક કરશે. લોકસભા સચિવાલયના જણાવ્યા અનુસાર, મુંબઈના ઓલ ઈન્ડિયા સુન્ની જમીયતુલ ઉલેમા અને નવી દિલ્હીની ઇન્ડિયન મુસ્લિમ્સ ફોર સિવિલ રાઇટ્સ સમિતિ સમક્ષ વિચારો રજૂ કરશે.

લોકસભા સાંસદ જગદંબિકા પાલની અધ્યક્ષતામાં રચાયેલ વકફ (સુધારા) બિલ, 2024 અંગેની સંસદની સંયુક્ત સમિતિએ જાહેર, NGO, નિષ્ણાતો અને સંસ્થાઓ સહિતના હિતધારકો પાસેથી મંતવ્યો અને સૂચનો આમંત્રિત કર્યા હતા. વકફ (સુધારા) બિલ 2024 અંગેની સંયુક્ત સંસદીય સમિતિની પ્રથમ બેઠક આ મહિનાની 22 તારીખે યોજાઈ હતી. 31 સભ્યોની સમિતિમાં લોકસભાના 21 સભ્યો અને રાજ્યસભાના 10 સભ્યો છે. વકફ બિલ નો હેતુ ખામીઓને દૂર કરવાનો અને વકફ મિલકતોના વહીવટ અને સંચાલનની કાર્યક્ષમતા વધારવાનો છે. આ બિલમાં વકફ એક્ટ, 1995નું નામ બદલીને યુનિફાઇડ વકફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ એક્ટ, 1995 રાખવાની જોગવાઈ છે 'ધ વકફ (સુધારા) બિલ, 2024ની ટેક્સ્ટ હિન્દી અને અંગ્રેજીમાં લોકસભાની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. બજેટ સત્ર દરમિયાન લોકસભામાં રજૂ કરાયેલ

વકફ (સુધારા) બિલને સત્ર દરમિયાન પરીક્ષા માટે સંસદની સંયુક્ત સમિતિને મોકલવામાં આવ્યું હતું.

# PARIS PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સમાં, શીતલ દેવી અને રાકેશ કુમારની ભારતીય મિશ્ર કમ્પાઉન્ડ તીરંદાજી ટીમે 1399ના સંયુક્ત સ્કોર સાથે નવો પેરાલિમ્પિક રેકોર્ડ બનાવ્યો છે. આ તીરંદાજી જોડી ટોચના સીડ તરીકે બીજી સપ્ટેમ્બરે ક્વાર્ટર ફાઇનલમાં રમશે.

પેરિસ પેરાલિમ્પિક્સના બીજા દિવસે, ભારતીય એથ્લેટ્સ આજે વિવિધ સ્પર્ધામાં ભાગ લેશે.  R2 મહિલાઓની 10 મીટર એર રાઈફલ SH1 સ્પર્ધામાં મોના અગ્રવાલ પણ ભાગ લેશે..

# PARALYMPICS DAY-2 SCHEDULE

પેરિસમાં ચાલી રહેલી પેરાલિમ્પિક ગેમ્સના બીજા દિવસે આજે ભારતીય ખેલાડીઓ ત્રણ સ્પર્ધામાં ચંદ્રક જીતવાનો પ્રયાસ કરશે. શૂટિંગમાં ટોક્યોની સુવર્ણ ચંદ્રક વિજેતા અવની લેખા અને અન્ય ચાર ખેલાડીઓ ચંદ્રક જીતવા માટે ક્વોલિફિકેશન રાઉન્ડ અને સંભવિત ફાઇનલમાં ઉતરશે.

ત્રણ પેરા એથ્લેટિક્સ સ્પર્ધા પણ હશે, જેમાં જ્યોતિ કરમ અને સાક્ષી કસાના મહિલાઓની ડિસ્ક થ્રોમાં, પ્રીતિ પાલ મહિલાઓની 100 મીટર રેસમાં અને મનુ પુરુષોના શોટ પુટમાં ભાગ લેશે. આ ઉપરાંત પ્રથમ દિવસથી જ બેડમિન્ટનની મેચો ચાલી રહી છે.

# US OPEN TENNIS

**વિશ્વનાં ત્રીજા ક્રમાંકિત ખેલાડી અને ભૂતપુર્વ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ યુએસ ઓપનનાં ત્રીજા રાઉન્ડમાં ડચ ખેલાડી બોટિક વાન ડી જેન્ડ્કુલ્પ સામે હારી જતાં ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયા છે.**

**21 વર્ષનાં અલ્કારાઝ વિશ્વનાં 74મા ક્રમાંકિત બોટિક વાન સામે 6-1, 7-5, 6-4 થી હાર્યા હતા. વિમ્બલ્ડન 2021 બાદ અલ્કારાઝને કોઈ મોટી ટુર્નામેન્ટનાં બીજા રાઉન્ડમાં પ્રથમ વાર હારનો સામનો કરવો પડ્યો છે. વિમ્બલ્ડન 2021માં તત્કાલીન વિશ્વ નંબર 75 અલ્કારાઝ બીજા ક્રમાંકિત દાનિલ મેદવદેવ સામે હારી ગયા હતા.**

# NOIDA AIRPORT

ઉત્તર પ્રદેશના જેવરમાં નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટ (NIA) પર પ્રથમ કોમર્શિયલ ફ્લાઈટ ઓપરેશન આવતા વર્ષે એપ્રિલ સુધીમાં શરૂ થવાની ધારણા છે. NIAએ કહ્યું કે તે વર્ષના અંત સુધીમાં ફ્લાઇટ પ્રક્રિયાના પરીક્ષણો સાથે તેની એરોડ્રોમ લાયસન્સ અરજી ફાઇલ કરશે.

એરપોર્ટના પ્રથમ તબક્કામાં એક રનવેઅને એક ટર્મિનલ હશે, જેમાં વાર્ષિક એક કરોડ 20 લાખ મુસાફરોના ટ્રાફિકનું વહન કરવાની ક્ષમતા હશે. ચારેય વિકાસના તબક્કાઓ પૂર્ણ થયા પછી, એરપોર્ટ દર વર્ષે સાત કરોડ મુસાફરોનું વહન કરવાની ક્ષમતા ધરાવશે. નોઇડા ઇન્ટરનેશનલ એરપોર્ટ બૃહદ દિલ્હી વિસ્તાર અને પશ્ચિમ ઉત્તર પ્રદેશને ભારત અને વિશ્વના અન્ય શહેરો સાથે જોડશે. NIAએ વધુ સારા નેટવર્ક પ્લાનિંગ અને કામગીરીની આવશ્યકતાઓ માટે વૈશ્વિક એરલાઇન્સ સાથે સમજૂતિ પત્રો પર પણ હસ્તાક્ષર કર્યા છે.